ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ
મકાન સહાય ચૂકવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અબડ–૧૦૨૦૦૪–૧૦૫૧–હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૩ । ૦૭ । ૨૦૦૪

**વંચાણે લીધાઃ–**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૨–૨–૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ અબડ–૧૦૯૯–૭૬૯–હ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૯–૮–૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ અબડ–૧૦૨૦૦૦–૪૬૪–હ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૭–૫–૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ અબડ–૧૦૨૦૦૩–૧૩૦૩–હ
(૪) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૧–૬–૨૦૦૪ નો પત્ર ક્રમાંકઃ અજાક–મ.૩–૨૦૦૪–૩૦૪૭

**પ્રસ્તાવનાઃ–**

આમુખ (૧) માં જણાવેલ વિભાગના તા. ૨૨–૨–૨૦૦૦ ના ઠરાવથી રાજયમાં અનુસુચિત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન સહાય ચુકવવા માટેની ડો.આંબેડકર આવાસ યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ અનુસુચિત જાતિના લોકોને ઝડપથી અને સરળતાથી મળે તે માટે આ યોજનાનું સરળીકરણ આમુખ (૩) માં જણાવેલ તા. ૧૭–૫–૨૦૦૪ ના ઠરાવથી કરવામાં આવેલ છે. આ યોજના હજી પણ વધુ સરળ અને પારદશી બને તે માટે આમુખ (૩) માં દર્શાવેલ તા. ૧૭–૫–૨૦૦૪ ના ઠરાવના ફકરા ૪ ( સહાયનું ચુકવણુ શિર્ષક ) હેઠળની શરત (૪) ની જોગવાઈ જુની અરજીઓના કિસ્સામાં (એટલે કે લાભાર્થીઓની અરજી અગાઉ મંજુર કરવામાં આવેલ હોય અને એક કે વધારે હપ્તા ચુકવવામાં આવેલ હોય તો) પણ લાગુ પાડવા નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણએ આમુખ (૪) માં જણાવેલ તા. ૧૧–૬–૨૦૦૪ ના પત્રથી દરખાસ્ત કરેલ છે. નિયામકશ્રી,

અનુસુચિત જાતિ કલ્યાણની 'પ્રસ્તુત દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**-:ઠરાવ:-**

આમુખ (૩)માં દર્શાવેલ વિભાગના તારીખ ૧૭-૫-૨૦૦૪ ના ઠરાવના ફકરા-૪ (સહાયનું ચુકવણુ શિર્ષક) હેઠળની શરત (જોગવાઈ) નં. ૪ તા. ૧૭-૫-૨૦૦૪ પહેલાં મંજુર કરવામાં આવેલ અરજીઓ કે જેમાં એક કે વધારે હપ્તા ચૂકવવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં પણ લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

આમુખ (૩) સામે દર્શાવેલ તા. ૧૭-૫-૨૦૦૪ ના ઠરાવની અન્ય જોગવાઈઓ, શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નામદેવ વર્સાત)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યાય.અને.અધિ.) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
વિકાસ કમિશ્નરશ્રી.
ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ કલ્યાણ, ગાંધીનગર
સર્વે જિ.પ.વ.ક અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પગાર એન હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.